વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૨૪ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ડિસેમ્બર - ૨૨, ૨૦૧૭

# આગામી બજેટમાં સેવાની રજૂઆતઃ
# દેશનું બજેટ ૪૪ કરોડ અસંગઠિત કામદારોને પોષક હોવું જોઇએ

૫ ડિસેમ્બર, ૨૦૧૭ના દેશના આગામી બજેટ માટે દેશનાં ૧૨ રાષ્ટ્રીય યુનિયનોના મંતવ્યો જાણવા માટે નાણામંત્રી શ્રી અરૂણ જેટલીએ નોર્થ બ્લોકમાં મીટીગ યોજેલી.

દિલ્હીમાં ઠીક-ઠીક ઠંડીનો ચમકારો હતો આગલે દિવસે વરસાદ પણ પડેલો. આગામી બજેટમાં અસંગઠિત વર્ગને દિલ્હીની ઠંડક જેવી ટાઢક આપે એવી આશાએ મેં નોર્થ બ્લોકમાં પગ મૂકયો.

ગોળ ટેબલની આસપાસ ૧૨ સંગઠનોના પ્રતિનિધિઓ ગોઠવાયા. સાથે વિત્ત (નાણાં) મંત્રાલયના અધિકારીઓ તેમજ ભારત સરકારનાં શ્રમસચિવ ગોઠવાયા. મા.મંત્રી શ્રી જેટલીજીએ પોતાની જગ્યા લીધી અને સહુને આવકારી પોત-પોતાનાં સંગઠન તરફથી જે-તે મંતવ્યો આગામી બજેટ માટે હોય તે આપવા જણાવ્યું.

રાષ્ટ્રીય સંગઠનોમાં એક શિસ્ત/પધ્ધતિ મુજબ સહુથી મોટુ રાષ્ટ્રીયસંગઠન પહેલાં બોલે તેમ 'સેવા'નો આઠમો વારો હતો અને સેવાની રજૂઆત કરવાનો વારો આવતાં મેં જણાવ્યું કે, ''અસંગઠિત ક્ષેત્ર જે આપણાં દેશાન રોજગારનો મુખ્ય સ્ત્રોત છે જેમાં, સેવાનો અનુભવ છે તેમની વાત હું કરીશ. આ અસંગઠિત વર્ગમાં દર વર્ષે નવા ને નવા કામદારો ઉમેરાતાં જ રહે છે આ અસંગઠિત વર્ગ સુધી દેશનાં આર્થિક વિકાસ દર પહોંચે તેવું આગામી બજેટમાં હોય તેવું અત્યારે તો દેખાતું નથી. માનનીય નાણાંમંત્રી શ્રી, અમારું આપને એ જણાવવાનું છે કે, વિકાસદર ગરીબ-શ્રમજીવી સ્ત્રી કામદારો અને બાળકો સુધી પહોંચે તેમજ તેમને સ્થાયી રોજગાર મળે, સામાજીક સુરક્ષા મળે, તેમની આવડતમાં વધારો થાય તેમજ ઉપજાઉ આવક થાય તેવું આગામી બજેટ હોય. તેવી આશા રાખીએ છીએ.

''મારો પહેલો મુદ્દો એ છે કે, અસંગઠિતક્ષેત્ર કે જેનું પ્રમાણ ૯૫% દેશના વર્કફોર્સનું છે. જેમાં ઘરખાતા કામદારો, રોકડીવાળા, છૂટકમજૂરી, સ્વાશ્રયી કામદારો, કોન્ટ્રાકટ પર કામ કરનારા, સીઝન પ્રમાણે કામ કરનારાં આવા કામદારો છે જેમનાં માટે સામાજીક સુરક્ષા ખૂબ મહત્ત્વની છે.હાલમાં સરકાર સામાજીક સુરક્ષાકોડ બનાવી રહી છે. તે આવકાર દાયક છે. તેમાં અસંગઠિતક્ષેત્ર માટે એક અલગથી બજેટ ફાળવવું તેવું અમારું આપને નમ્ર આગ્રહી સૂચન છે. હાલમાં અસંગઠિત કામદારોમાં બીડી કામદારો માટે કલ્યાણકારી યોજનાઓ છે બાંધકામ કામદારો માટે જુદી-જુદી સામાજીક સુરક્ષા પ્રદાન કરતાં રાજ્યો પ્રમાણેનાં ત્રિપક્ષીય બોર્ડ છે જે માલિકો પાસેથી 'સેસ' વસૂલ કરીને ચલાવવામાં આવે છે. તો જયારે, આ સામાજીક સુરક્ષા કોડ બની રહયો છે તેમાં પણ, સામાજીક સુરક્ષાની યોજનાઓ ચલાવવા માટેનાં નાંણા લાવવાની પધ્ધતિ ભાગીદારી (કોન્ટ્રીબ્યુટરી)ની હોવી જોઇએ. એટલે કે, કામદાર પણ ફાળો આપે, માલિકો / કોન્ટ્રાકટરો 'સેસ' દ્વારા આપે અને સરકાર પણ બજેટની ફાળવણી કરે જેથી, માત્ર સરકાર પર આ બોજ ના બની રહે.

આ કોડનું અમલીકરણ ૯૫% અસંગઠિત વર્ગ માટે એક સાથે જ કરવાનું મુશ્કેલ હોય કારણ કે, અસંગઠિતવર્ગની પ્રકૃતિ જુદી છે માટે આનું અમલીકરણ તબક્કાવાર થવું જોઇએ. પહેલાં તો એક પાયલટ થવો જોઇએ કે જે, અલગ- અલગ ધંધાઓ, - ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ- મધ્યનાં અમુક રાજ્યો અને તેમાં પણ અમુક જીલ્લાઓ અમલીકરણ માટે લેવાં જોઇએ. તેમાંથી અનુભવ લઇને સમગ્ર કોડનું અમલીકરણ થવું જોઇએ.''

''મારો બીજો મુદ્દો તે ''ડીજીટલાઇઝેશન''નો છે. સરકાર ડીજીટલ ઇન્ડિયા બનાવી રહી છે. આ યોજના હેઠળ, અસંગઠિતક્ષેત્રની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં શિષ્યવૃતિનું 'ઓનલાઇન' ફોર્મ ભરવાનું હોય છે. જેમ કે, બીડી કામદારોનાં બાળકોને મળતી શિષ્યવૃતિ... આ 'ઓનલાઇન' ફોર્મ ભરવા માટેનો એક સમય મર્યાદા હોય છે પણ આ સમજ આ અસંગઠિત વર્ગમાં હજુ આવી નથી અને ફોર્મ ભરતાં - ભરતાં જ તેમનો સમય પૂરો થાય છે ! જેના લીધે તેઓને નજીક યા દૂરના સાયબર-કાફેવાળા પાસે 'ઓનલાઇન' ફોર્મ ભરાવવાનાં ૧૦૦થી૧૫૦ રૂ. ફોર્મ દીઠ આપવા પડે છે ! આમાં અમારું સૂચન છે કે, બેઉ પધ્ધતિ ચાલુ રાખવી જોઇએ. 'ઓનલાઇન' પણ હોય અને હાથેથી ભરીને જે-તે ઓફિસમાં આપવાનું પણ ચાલુ રાખું જોઇએ. નહી તો, દા.ત અમારા અનુભવ પ્રમાણે, જે બજેટ કામદારોનાં સંતાનોના શિક્ષણની સ્કોલરશીપ માટે ફાળવેલું હશે જે વણ ફાળવાયેલું રહે છે અને આ વણવપરાયેલું બજેટ કરીનેબીજા વર્ષે જ્યારે બજેટ ફાળવવાનું હોય છે ત્યારે આગલા વર્ષેનું બજેટ વણવપરાયેલું હોવાથી ચાલુ વર્ષના બજેટમાં કાપ મૂકાઇ જાય છે. ગેરફાયદો ગરીબ-શ્રમજીવીઓને થાય છે! ગયા વર્ષની આપે આગામી બજેટની મીટીંગ બોલાવેલી તેમાં પણ અમે આ રજૂઆતકરેલી પણ કોઇ પગલાં લેવાયા નથી તો આમાં તાત્કાલિક પગલાં લેવાશે એવી હું આશા રાખુ છું.''

''મારો ત્રીજો મુદ્દો તે અસંગઠિતના સ્ત્રી કામદારોની સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવાની વાત ...

આપ જાણો છો કે અસંગઠિત વર્ગનું આવકનું પ્રમાણ ખૂબ નીચું હોય છે. સેવામાં અમે અનુભવ્યું છે કે, યુનિયન - સહકારી મંડળીની સંયુક્ત વ્યૂહરચના થી અસંગઠિત વર્ગના સ્ત્રી કામદારોની આવક સ્થાયી થાય છે તેમજ સ્થાયી રોજગાર મળે છે, અને મિડલમેનમ, કોન્ટ્રાક્ટરો વચેટિયાઓની લીક હટી જાય છે. જેનાથી તેઓ વિષચક્રમાંથી બહાર નિકળી શકે છે. 'રચયિતા' એ અમારી બહેનોની બાંધકામની સહકારી મંડળી છે. જેમનાં સભ્ય બહેનોનાં હાથમાં વિવિધ આવડતો આપી.આજે આ મંડળી નફો કરે છે જેને અમે સરપ્લસ કહીએ છીએ. જેમાંથી ૧૦% ડિવિડન્ડ શેરહોલ્ડરોને વહેંચ્યા પછી આ સરપ્લસને ફરી ઇનવેસ્ટ મંડળીમાં જ કરીએ છીએ જેનાંથી મંડળીની ઉત્પાદકતા અને આવક વધે છે. સેવા બેંક જે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા રેગ્યુલેટેડ છે તે દર વર્ષે ૯% ડિવિડન્ડ જાહેર કરે છે.

''અમે સૂચવીએ છીએ કે, ગરીબ, શ્રમજીવી, સ્વયં રોજગાર કરતી સ્ત્રી કામદારોની સહકારી મંડળીઓ જે બની હોય તથા આપ બળે પગભર, નફાકારક અને નિયમિત ડિવિડન્ડ સભા સદોને વહેંચતી હોય તેવી શ્રમિક બેનોની સહકારી મંડળીઓને ઇન્કમ ટેક્ષમાંથી સરકાર મુક્ત કરે.''

અને છેલ્લે મેં અલાયદું આજીવિકા ફંડ અસંગઠિતક્ષેત્રનાં ઉદ્યોગો/ એકમો ઉભા કરવા માટેનું બજેટ ફાળવવાની વાત કરી. સમયના અભાવે બીજાં ટેકનોલૉજી અને આવડત, બાંધકામ મજૂરોનું વેલ્ફેરબોર્ડ, વેચનારાના કાયદાનું અમલીકરણ, વેસ્ટ રીસાયકલર્સના સોલીડવેસ્ટ મેનેજમેન્ટનાનિયમોના પાલન, ઘરેલું કામદાર, ફોર્મલાઇઝ ધ ઇન્ફોરમલ ઇકોનોમીના મુદ્દાઓનું વિગતવાર આવેદનપત્ર નાણામંત્રીશ્રીને આપ્યું....''

આશા રાખીએ કે, આગામી બજેટ ૪૪ કરોડ અસંગઠિત કામદારોને ન્યાય પૂર્વક પ્રોત્સાહન આપનારું જાહેર થાય.

**- મનાલી**

❑

# બીડી-ધાગા કટીંગ-રેડીમેડ...

મારું નામ સુભદ્રા. હું ૮ ધોરણ ભણેલી છું મારું પિયર મધ્યપ્રદેશના જબલપુરમાં છે. બાપુજી સુથારી કામ કરે છે અને મા બંગલા કામ કરતી. અમે ચાર ભાઇ-બહેન છીએ. એમા હું સૌથી નાની, એટલે લાડ કોડમાં ઉછરેલી. મારી મા ને કામમાં થોડી મદદ કરાવતી અને ઘરમાં બીડી બનાવતી. બાપુના કામમાં ભાઇઓ સાથે મળીને કામ કરતા. એટલે ઘરનું ગુજરાન સારું ચાલતુ. જબલપુરમાં જ મારા લગ્ન થયા ને થોડાક મહિના પછી અમે અમદાવાદ આવ્યાં. અમદાવાદમાં નારોલ ગામના ભારતનગરમાં રહેવા લાગ્યા. અહી તો સાવ અજાણ્યા ને એમા પણ અહી આજુ-બાજુ કંઇ કામ પણ ના મળે. થોડો વખત મારા ફોઇ સાસુના ઘરે રહયાં ને મારા પતિ શાળખાતામાં કામ કરવા લાગ્યા. ધીરે ધીરે બધુ થાળે પડવા માડયું. એવામાં મારે સુવાવાડ આવીને દીકરીનો જન્મ થયો. મારા સાસુ-સસરાને અમે અહી બોલાવ્યાબધાસાથે રહેતા. અમારા બાજુમાં એક બહેન ઘરેધાગા કટીંગનું કામ આપતા એટલે મે એ કામ લાવવાનું શરૂ કર્યુ. ધીરે ધીરે હું પણ કામ કરતી થઇ અને મારા સાસુ મારી દીકરીને રાખતા. મારા સસરા પણ મારા પતિની સાથે શાળખાતામાં કામ

કરવા લાગ્યા.

થોડા વખતમાં મારે બીજો દીકરો થયો. માથે બે બાળકોની જવાબદારી આવી. ઘરમાં ઘણી રીતે તકલીફ પડવા માંડી. બાળકો નાના એટલે દવા દારુનો ખર્ચો ને ભાડાનું ઘર એટલે એ પણ મોટી ચિંતા રહે. ઘણી કરકસર કરી ઘરનું ગુજરાન ચલાવતી. લગ્નને માંડ ૮ વર્ષ થયાં ને મારા પતિને હ્રદયરોગનો હુમલો આવ્યો ને તેઓ ગુજરી ગયા.હવે ઘરની ને મારા નાના બાળકોને સાચવવાની ચિંતા રાત–દિવસ મનમાં રહે ક્યારે મારા બાળકો મોટા થશે ને મનને શાંતિ મળશે !એવામાં આ ધાગા કટીગના કામમાં પણ વધુ પૈસા નહોતા મળતા એટલે એ કામ બંધ કરી સિલાઇ કામ લાવવાનું શરૂ કર્યુ. એમા એક કુર્તી સીવવાના ૫ રૂપિયા મળતા એટલે દિવસની બે ડઝન કુર્તી સીવી લઇ ૧૦૦ રૂા. જેવું કમાતી કારણ કે,એમા મશીન ઘરનું અને વળી દોરાની રીલના પણ પૈસા થતાં... ને પગથી સિલાઇ કરતી એટલે પગનો દુખાવો થતો જેમ તેમ કરી થોડુ ઘણુ કામ કરી ઘરનું ગુજરાન ચલાવતી.

મારી નાની ઉંમરને હું વિધવા થઇ ને ઘરના લોકો મને ઘણું કહેતાં કે, તું બીજા લગ્ન કરી લે. મારા સાસુ-સસરાએ બાળકોને સાચવીશું એવી સાંત્વના આપી. વળી મનમાં પણ એવો વિચાર આવ્યો હતો કે હું લગ્ન કરું પણ, ફરી એ જ પળે થયું કે હું બીજા લગ્ન કરીશ તો મારા બાળકોનું શું થશે ? એ મોટા થઇને શું કહેશે મને ? ઘણી વિડબંનાઓ મનમાં આવતી ને બસ ત્યારથી મનમાં ઠાની લીધું ને માત્ર એક જ વિચાર રાખ્યો કે હવે તો મારે માત્ર મારા બાળકોને સારી રીતે મોટા કરવા છે એમને ભણાવીને સારી નોકરી મળે તેવા પગભર કરવા છે. ઘણુ અઘરું પડે છે જ્યારે એકલા હાથે બાળકોને સાચવવા પડે છે ત્યારે કેટ કેટલી તકલીફો વેઠી છે.ઘણી વાર તો ખાવાના પણ સાસા થઇ પડતા એક ટાઇમ દાળ રોટલી બનાવીને એ જ બે ટાઇમ ખાઇને દિવસો કાઢયા છે. ઘરમાં એકસસરા એક જ કમાતા હતા ને મારા પતિ ગુજરી ગયા ને ત્યારથી મારા સાસુ પણ બિમાર રહેતા. બાળકોની સાથે સાથે એમનું પણ ધ્યાન કરવું પડે ધીરે ધીરે બાળકો મોટા થયા ને હવે બાળકો શાળાએ જતા થઇ ગયા છે. દીકરી ત્રીજા ધોરણમાં અને દીકરો પહેલામાં ભણે છે. એટલે થોડી રાહત થઇ છે. ઘરે કામ લાવું છું પણ વધારે નથી થાતુ એટલે હવે તો બહાર કામ કરવા જવુ છે.

હવે નારોલથી હાટકેશ્વરમાં રેડિમેડ સિલાઇનું કામ કરવા આવું છું. અહી મહિને ૩૫૦૦/-થી ૪૦૦૦/- રૂપિયાનું કામ થાય છે. તહેવારની સિઝન હોય તો વધારે પણ થઇ જાય. તો વળીક્યારેક એકદમ મંદી પણ આવી જાય. આવી રીતે જીવનમાં ઘણા ઉતાર ચડાવ સાથે જીવન જીવવું ઘણુ અઘરું બની રહે છે.

આવા અનેક સુભદ્રાબેનો અસંગઠિત ક્ષેત્રમાં આવા છુટક ધંધાનું કામ કરે છે જે ધંધા બદલતા રહે છે પણ, આ બદલાતાં ધંધાઓની કે આ કામદારોની નોંધ ક્યાં ? તેમજ આ બદલાતા ધંધાઓ જે ઝડપે બદલાય છે તે ઝડપે તેને લગતી નીતિ બને અને તેમાં બદલાવ આવતાં રહે તે ક્યારે થશે ?

દર વરસે બજેટ આવે ને જાય. 'સેવા' દર વરસે જોર શોરથી બજેટમાં જાતમજૂરી કરનારા માટે સુવિધાઓ માંગે છે, અમે પણ આગેવાનો દિલ્હી જઇએ ને રજૂઆત કરીએ પણ કોઇ સાંભળતાં જ નથી ને !

**- ગોમતી**

❑

# ટેકનોલૉજીના જમાનામાં હાથની કમાલ

આખી દુનિયા આઇસ્ક્રીમ ખાય છે પણ, તેની સાથે જે ચમચીઓ રંગ-બેરંગની આવે છે તે કયાં બને છે, કોણ પેકીગ કરે છે, કયાંથી આવે છે અને કેટલાં લોકોનાં હાથમાં જાય છે. પેકીગ કરવા અને એમાંથી હજારો કામદારોને રોજી રોટી મળે છે. એની મારે વાત લખવી છે. એવા એક કામદાર નયનાબેન કહે છે, છેલ્લાં પાંચ વર્ષથી આ ચમચીઓ પેંકીગ કરવાનું કામ કરું છું.

અમારી ચાલીમાં બધા ચમચીઓનું પેકીગ કરતા હતા તો મને થયું કે લાવ આ કામ ઘરે બેસીને કરવાનું એટલે ઘર પણ સચવાય, બાળકો સચવાય અને કામ પણ થાય. તો મેં મારા જેઠાણી તારાબેન પહેલેથી જ આ કામ કરતાં તેમનાં ઘરે બે દિવસ શીખવા ગઇ, પેકીગ કરવાનું અને પછી તેનું સીલીગ કરવાનું, પછી ત્રીજા દિવસ માલિકને મળી હું પણ આ કામ મારા ઘરે લાવીન કરવા લાગી. પહેલાં પહેલાં તો ૧૦ રૂા. નું, ૨૦રૂા. નું કામ થતું., રોજનું પણ હવે તો ૩૦૦ રૂા. થી ૫૦૦૦ રૂા મહિને કમાઇ લઉ છું.

રોજ ઘરના કામ કરી પાંચ કલાક કામ કરું છું અને રાત્રે મારા પતિ અને બાળકો ૨ કલાક મદદ કરે ત્યારે આટલું કામ થાય . અમને ૧૦૦ પાઉચ ભરી સીલીગ મારી પાર્સલ ભરીએ એટલે ૧૪ રૂા. મજૂરી મળે, કાટાંવાળી ચમચી ૧૦૦ પાઉચ ભરી સીલીગ કરે પાર્સલ ભરી આપીએ તો ૧૪ રૂા. મજૂરી મળે. રોજ ૧૫૦ થી ૨૦૦ રૂા. કામ થાય .. આખું કુટુંબ કામ કરે ત્યારે !

પહેલાં રબ્બર બનાવાનું વજન પર આપે , ૧૦ કિલોના ૩૫ રૂા. મજૂરી મળે એમાં પણ મોટી ચમચી હોય તો ૧૮ રૂા. મજૂરી મળે ૧૦ કિલોના અને ફુલ સાઇઝની તો ૧૦ રૂા. મજૂરી

મળે, ૧૦ કિલોની એટલે આ ૨૦ ચમચી ભેગી કરી રબ્બર લગાવવાનું એની એટલી મજૂરી મળે એમાં પણ બહેનો રોજના ૧૦૦ રૂા. ૨૦૦ રૂ. જેટલું કામ કરે એમાં બાળકો મદદ વધારે કરાવે. કેમ કે તેમની સ્પીડ વધારે હોય. એટલે મા-બાપ બાળકોની મદદ વધારે લે.

ચમચીની જાતની વાત કરીએ તો મિલ્કપોપ, નેચરલપોપ, એંગ્રીબર્ડ, ચાઇનાપોપ, ફરાળી, નાળી, ટીકડી, ૭ જાતની ચમચી આવે અને કલરની વાત કરીએ તો પીળો, ગુલાબી, વાદળી, કેસરી, આસમાની, પાણીકલર, સફેદ અને અન્ય કલરની ચમચી આવે છે.

નયનાબેનને મેં પૂછયું કે, તમને આ કામ કાયમી મળે છે ? તો કહે હા, ઓછું વધતું થાય પણ કાયમ મળે છે. અને સીઝનમાં તો અમે રાત્રે બે વાગ્યા સુધી કામ કરીએ. હાલ લગ્નની સીઝન ચાલે છે તો અમારે રાત દિવસ કામ કરવું પડે છે. અને કમ્મર દુઃખે, ગેસ થાય અને કાટાવાળી ચમચીથી તો હાથમાં ચીરા પડી જાય, હાથ લાલ થઇ જાય અને ખભા પણ દુઃખે...

તમને પેંકિંગનો સામાન કોણ આપે ? તો કહે માલિક આપે. પ્લાસ્ટીકની થેલી, બોરા, રબ્બર, સીલીગ મશીન આટલું માલિક આપે. પછી મશીનબગડે તો રીપેરીગ ખર્ચ આપણે કરવાનું, લાઇટબીલ આપણું. આશરે મહિને ત્રણહજાર કમાતા હોય તેમાંથી ૩૦૦ રૂા. લાઇટબીલનો ખર્ચ અમારા પોતાએ ભરવાનો એટલે અમારા હાથમાં ૨૭૦૦ રૂા. આવે અને પાર્સલ ઊપાડી માલિકને ત્યાં લેવા-જવાનું મૂકવા જવાનું, ગાડી આવે ત્યારે ગાડી ભરાવવાની એની મજૂરી અમને કાંઇ ના મળે . જે એક પાર્સલના ૧૪ રૂા. મળે એમાંથી એ મજૂરી ગણી લેવાની. બેન કહે છે , બેન આ ચમચીઓ પહેલાં આપણાં દેશમાં જતી હતી હવે તો અમારા શેઠ ઇન્ટરનેશનલ થઇ ગયા છે ! દેશ પરદેશમાં માલ જાય છે અને ઓશિયા નામથી બધે પાર્સલ જાય છે...

અમે પૂછયું કે, તમને બોનસ મળે છે ? તો કહે, બેન લડીને ૫૦૦ રૂા. ૧૦૦૦ રૂા. મેળવીએ છીએ.

તમને આ કામ ગમે છે ? તો કહેગમે કે ના ગમે પણ કરવું જ રહયું.

આ ઘરખાતા કામ.. માલ એકસપોર્ટ થાય..

પણ કયાં જાય ? કેટલામાં વેચાય ? કંઇ જ કામદારોને ખબર જ નહી ! વળી આ ચમચીઓ કેટલાં કોન્ટ્રાકટરોનાં હાથોમાં જતી હશે ? કંઇ જ જાણ નહી.. મૂળ જ્યારે વપરાશકર્તાના હાથમાં જાય ત્યારે કેટલામાં વેચાઇ હશે ને તેમાંય મજૂરી વેચાણ કિંમતમાં કેટલી હશે ? આ જ સપ્લાય ચેઇન ઘરખાતા કામદારેને હંમેશા ગરીબ રાખે છે. વળી, કામમાં આખું કુટુંબ જોડાય.... તો આ ફેમીલી લેબર .. તેનું તો કોઇ જ વળતર નહી !

- **રમીલા**

❑

# જર્મન ટ્રેડ યુનિયન તેમજ તેના ભાગીદારો સાથેનો કાર્યક્રમ

'સેવા' અકાદમીના આયોજનથી નવેમ્બર માસમાં ૫ દિવસનો એક એશિયાની રીઝનલ કોન્ફરન્સ-એક્સપોઝર કાર્યક્રમ થઇ ગયો. જે ખાસ કરીને"અસંગઠિતક્ષેત્રના શકિત વિકાસના અનુભવોની ચર્ચા" પર હતો. આ કાર્યક્રમમાં ભારત, બાંગ્લાદેશ, વીયેટનામ, ઇન્ડોનેશિયા જેવા અલગ-અલગ દેશમાંથી DGBBWની પાર્ટનર સંસ્થાઓના આવેલા ૪૦ પ્રતિનિધિઓએ શહેર અને ગામની ફીલ્ડ મુલાકાત અને પારસ્પારિક ચર્ચા સાથે ભાગ લીધો હતો.

અહી ંભારતમાં અને ખાસ કરીને સેવામાં આ કાર્યક્રમ યોજવાનો હેતુ એ હતો કે, ગ્રાસરૂટ સ્તરના અનુભવના કામને બીજા ભાગીદારો જોઇ શકે અને શીખીને પોતાના સંગઠનમાં લઇ જઇ શકે.

આ કાર્યક્રમ, ગયા વર્ષે ઇન્ડિોનેશિયામાં યોજાયેલો, જે 'બહેનો અને તેમના કામની અસંગઠિતતા' પર હતો. આ કાર્યક્રમ દ્વારા ગત વર્ષની આ ચર્ચાને આગળ લઇ જઇ અને ખાસ કરીને ગુજરાતના શહેરી-ગ્રામીણ વિસ્તારના ગરીબ - શ્રમજીવીઓની પરિસ્થિતિ જાણી, તેમના જીવનને સ્પર્શ કરવાનો મોકો મળ્યો. તથા સેવા અને IASEW એ તેમનામાં કેવી રીતે બદલાવ લાવ્યો છે. તેને અનુભવી અને જાણી શક્યા. બહેનોની જીંદગી દ્વારા તેમણે જાણ્યું કે, બહેનોની પોતાની કામની યાત્રામાં તેમનું વ્યક્તિગત અને સામુહિક સંગઠાત્મક સશક્તિકરણ થયું છે.

પાંચ દિવસના આ કાર્યક્રમ દરમ્યાન ભાગ લેનાર તમામ વ્યક્તિઓએ જુદી-જુદી રીતે માહિતી જાણવાનો પ્રયાસ કર્યો.આ કાર્યક્રમમાં શકિતવિકાસની તાલીમો, સંશોધન કાર્ય, આકાશગંગા, વિડીયો, રેડિયો જેવી સંચારની જાણકારી તેમજ સહકારી મંડળીઓની માહિતી-બેંક-'સામાજિક સુરક્ષાની મુલાકાત લઇ મા હિતી લીધી. તેમજ સંગઠનના જુદાજુદા ધંધાઓના સ્થળની મુલાકાત લઇ આગેવાનોને મળ્યા.

આ કાર્યક્રમ દરમ્યાન નમ્રતાબેને જણાવ્યું કે, ૨૫ વર્ષના અનુભવ પછી સેવા અકાદમી એ આજે ગરીબ કામદાર બહેનોનો શક્તિવિકાસ કરીને સંગઠન મજબૂત કરવાના કાર્ય દ્વારા તેમના જીવનમાં નોંધપાત્ર બદલાવ લાવી શકી છે. આ કાર્યક્રમનો હેતુ આદાન-પ્રદાન કરવાનો એ છે કે, બહેનોને

**શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.**

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

# રૂપે ડેબિટ કાર્ડ

સેવા બેંકના રૂપે ડેબિટ કાર્ડ દ્વારા દેશના કોઇ પણ એ.ટી.એમ.માંથી તમારા સેવા બેંકના ખાતામાંથી નાણાં ઉપાડી શકો છો.

આજ રૂપે ડેબિટ કાર્ડ દ્વારા પણ દુકાન-મોલ- પેટ્રોલ પંપ, રેલ્વે ટિકિટ, કોઇ પણ પ્રકારના બીલો તથા અન્ય જગ્યાઓ જ્યાં કાર્ડ સ્વીકારાતું હોય ત્યાં તમે કાર્ડ દ્વારા નાણાંની ચૂકવણી કરી શકો છો.

આ જ રૂપે કાર્ડ દ્વારા તમે ઘરે બેઠા ઑન લાઇન ખરીદી (એટલે કે મોબાઇલ, કોમ્પ્યુટર, ટેબ્લેટ ઉપર પણ) કરી નાંણાની ચૂકવણી કરી શકો છો.

આ દરેક વ્યવહારનો એસ.એમ.એસ.(સંદેશો/માહિતી) તમને તમારા મોબાઇલ ફોન ઉપર આપવામાં આવશે. આ માટે બેંકમાં તમારા મોબાઇલ નંબરની નોંધણી કરાવવવી જરૂરી છે.

## અગત્યની સૂચના

* **આ દરેક નાણાંકીય વ્યવહાર (લેવડ દેવડ) માટે તમારો પીન નંબર યાદ રાખવો જરૂરી છે. તમારા નાણાંને સુરક્ષિત રાખવા માટે આ નંબર કોઇને આપવો નહિ.**
* **બેંક દ્વારા આપના ખાતાની કે કાર્ડની કોઇ પણ માહિતી તમારા ફોન ઉપર માંગવામાં આવતી નથી માટે તમારા ખાતા અંગેની કોઇ પણ માહિતી કોઇને આપવી નહીં.**
* **તમારા ખાતાની રકમની જાણકારી મેળવવા માટે એક મિસ્ડ કોલ ૦૮૦૩૦૬૩૬૦૦૪ કરો અને તમારા તમામ ખાતાઓની માહિતી મેળવો. આ ફોન કરવા માટે કોઇ ચાર્જ લાગતો નથી.**

સંગઠિત કરવાની અમારી રણનીતિ, તેમનો શકિતવિકાસ કરવાનો અમારો અનુભવ અને શૈક્ષણિક સંસ્થા તરીકેનો પણ અનુભવ કે જેનો મુખ્ય હેતુ વિકાસ માટેના કામ કરવાનો છે.

**ફીડબેકઃ**

➢ બાંગ્લાદેશના સોનિયાબેન તેમના દેશના અનુભવને યાદ કરીને ગદગદ થઇ ગયા. તેમણે કહયું કે, અમારા દેશમાં બાળસંભાળને લઇને એક ચિંતાનું કારણ છે. જેના કારણે બહેનો કામમાં ધ્યાન આપી શકતી નથી. જે એક મોટો સંઘર્ષ છે. પરંતુ, અહીં આ બાળસંભાળના કામને સમજયા. જેને અમે અમારા દેશમાં અને સંગઠનમાં પણ આ કાર્યને અમલમાં લાવવાનો પ્રયત્ન કરીશું. આ અમારા માટે ખૂબ જ અગત્યનું છે. આ સાથે અમે હવે, ગ્રામીણ વિસ્તારમાં કાર્યરત રહેવા વધુ ફોકસ કરીશું.

➢ જર્મનીથી આવેલા ડી.જી.બી. બી.ડબલ્યુના ડાયરેક્ટર, તાન્યાબેનના મતે, અમે બધાં ભાગ લેનારાઓને આ કાર્યક્રમ દ્વારા એક મોકો મળ્યો કે, તેઓ અસંગઠિતક્ષેત્રમાં સશક્તિકરણના કામના અભિગમને ભારતમાંથી જાણી શકે. સાથે પોતાના દેશના અનુભવોની પણ ચર્ચા કરી જે ઘણું ઉપયોગી રહયું.

➢ બી.ડબલ્યુ.આઇ.ના બિન્દુબેનના મતે, આ કાર્યક્રમ ખૂબ જ માહિતીસભર રહયો. ખાસ કરીને તાલીમ કેવી રીતે આપે છે. બહેનોને આત્મનિર્ભર બનાવવા માટેના પ્રયત્ન કરી રહી છે. આ બહુ જરૂરી પણ છે. જોગામમાં બહેન રહેતી હોય અને પોતે આત્મનિર્ભર થઇ પોતાના પગ પર ઉભી રહે તો જ તેની ઓળખ ઉભી થાય છે. અનેઘર, કુટુંબ, સમાજ અને વિસ્તારમાં તેમનું એક સ્થાન બને છે આ અઘરું છે જેસેવાએ આજે બહેનોને આત્મવિશ્વાસી અને આત્મનિર્ભર બનાવી છે. તે જોઇને બહુ જ ખુશી થઇ. અમારું દિલ્હીમાં કડિયા કામદારો સાથેનું સંગઠન છે. આ અનુભવ લઇને અમે અમારા સંગઠનની બહેનોને આગેવાન બનાવીશું. કેમકે, એક આગેવાન બહેનને જોઇને બીજી ૧૦૦ બહેનો તૈયાર થાય છે. પ્રેરણા મળે છે. જે અમે આ કાર્યક્રમ દરમ્યાન જાણ્યું. અમારા સંગઠનમાં ૫૦૦૦ બહેનો છે. એમાંથી ૫૦૦ આગેવાન બનાવીશું તો, તેમને જોઇને - તેમની પ્રેરણાથી બીજા પણ તૈયાર થશે. અમારી સભ્ય સંખ્યા વધીને અમારું સંગઠન વધશે.

➢ યાશિન્તાબેન જે ટ્રેડ યુનિયન રાઇટ સેન્ટર ઇન્ડિોનેશિયાના જણાવ્યા મુજબ, કૌશલ્ય કેન્દ્રોની મુલાકાત લઇ લીધેલી માહિતીથી ખૂબ પ્રભાવિત થયા. જયાં સાક્ષરતા વર્ગ, અલગ-અલગ કૌશલ્ય આવડત માટેના વર્ગો, આપવામાં આવતી જુદી-જુદી તાલીમો કે જેનાથી એક બહેનનું સશક્તિકરણ થઇ શકે છે. સાથે બીજી ઘણી બધી બહેનો અને તેમની આવનારી પેઢીઓમાં પણ થઇ રહેલુ સશક્તિકરણ દેખાઇ રહયું છે.

➢ ડેન ક્વાંગ ક ભાઇ (વીયેટનામ જનરલ કન્ફેર્ડેશન ઓફ લેબર VGCLના ડાયરેકટર)ના મતે, અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે જે લડત લડવી જોઇએ તેની ઝલક, સેવામાં દેખાઇ રહી છે. જયારે આ કામદાર બહેનોને મળીએ છીએ ત્યારે તેમની વાતચીતમાં અને આત્મવિશ્વાસમાં આ ઝલક દેખાય છે.

➢ આ ઉપરાંત, બીજા ભાગ લેનારાઓ ને પણ લાગ્યું કે, અસંગઠિતક્ષેત્રના કામદારો અને બહેનોના પ્રશ્નો ભારત અને અમારા દેશોમાં સમાન જ છે. તેથી આ રણનીતિ તેમના દેશમાં લઇ જઇને અહીં જેવું જ અમલીકરણ કરી શકાય. મંડળીઓની પગભરતાનું રહસ્ય જાણ્યું. યુનિયન અને મંડળીઓની સામુહિક રણનીતિથી ગરીબ-શ્રમજીવી કામદર બહેનોની જિંદગીમાં આર્થિક બદલાવ આવે છે તેની સમજ પડી.

**આવેલા પ્રતિનિધિઓ આગળ આ કામને કેવી રીતે લઇ જશે તે તેમના મતે –**

✓ સંગઠન વધારવાની સાથે સંગઠન મજબૂત કરવામાં પણ ધ્યાન કેન્દ્રીત કરશે.

✓ બહેનોને સશક્ત બનાવવા જુદા-જુદા તાલીમ કાર્યક્રમનું આયોજન કરશે.

✓ બહેનો સાથે કૌશલ્યવિકાસની તાલીમ કરીશું અને ઓછામાં ઓછી ૨ મંડળીઓ શરૂ કરશે.

✓ ગ્રાસરૂટ કામદારોનું સશક્તિકરણ કરશે.

✓ સરકારમાં અમારા દેશના અસંગઠિત ક્ષેત્રની દ્રશ્યતા થાય તેવા પ્રયત્નો કરીશું.

- જીજ્ઞા

❑

# શ્રદ્ધાંજલી

## શબ્દોનાં લડવૈયા લીનાબેન



'અનસૂયા'માં તેમનું મનગમતું કોલમ એટલે "સેવાને પાટે"કેમ કે, તેમાં બહેનો જે બોલે તે વાતોને પોતાના શબ્દોમાં ઢાળીને એકદમ ન્યાયપૂર્વક લેખ તૈયાર કરે પરંતુ આ લેખ તૈયાર કરનારા લીનાબેન આજે આપણી વચ્ચે રહયા નથી. કોઈ લેખક પર શ્રધ્ધાંજલી લખવી એ વધારે અઘરી લાગે.

સામાજીક કામ કરવાની પ્રેરણા તેમને વારસાગત મળી અને પત્રકારત્વની સમજણ સાથે સાથે જયન્તિકાબેન જયંતનાં માર્ગદર્શન હેઠળ તેઓ અનસૂયાને સારી રીતે સમજીને અનસૂયા માટેની ખાસ લેખ શૈલીને ગ્રહણ કરી શક્યા આ ધગશને કારણે તેઓ સેવાનાં કાર્યને સંવેદનશીલતાથી સમજી શક્યા. આને કારણે તેઓ અસંગઠિત વર્ગની બહેનોની વાતો ને સરળ, સચોટ અને સ્પષ્ટ ભાષાથી બીજા સુધી લઈ ગયા.

લેખન તેમનું પ્રિય કાર્ય તેથી સેવા અકાદમીનાં ઘણા બધા પ્રકાશનોમાં લખવાનું તેમનું મુખ્ય યોગદાન રહયું જેમ કે,'સેવા'નાં આગેવાન બહેનો પર લખાયેલ પુસ્તક "સેવાનાં ચાંદ", કિશોરીની મૂંઝવણ પર લખાયેલ" મુગ્ધા અવસ્થામાં મૂંઝવણ".

માત્ર લેખનકાર્યમાં જ નહી તેમનું ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના અનુભવનાં કારણે તેઓ વિડિયો સેવા અને રૂડીનો રેડિયોમાં પણ કાર્યરત રહયાં. 'વિડિયો સેવા'માં એઈડસ્ પર ખોટી માન્યતા પર બનાવેલ ફિલ્મ હોય કે, કિશોરીઓનાં સપના પર બનાવેલ ફિલ્મ "આકાશ મારે આંબવું " હોય બંનેને અસરકારક બનાવવા માટેનો મોટો ફાળો રહયો.

સામુદાયિક 'રૂડીનો રેડિયો'ની શરુઆતનાં સમયમાં ટીમને યોગ્ય માર્ગદર્શન આપવામાં પણ તેમનું મુખ્ય યોગદાન રહયું.

અસંગઠિત વર્ગની કિશોરીઓને પણ લેખ લખાવા માટે હંમેશા પ્રેરણાદાયી રહયા. કેન્સર જેવી બિમારીને કારણે તેઓ નિયમિત કામ ન કરી શકયા પરંતુ, અનસૂયા તેમને એટલું પ્રિય કે, ફ્રિલેન્સર તરીકે અનસૂયાનાં છેલ્લાં અંક સુધી તેઓ કાર્યરત રહયા.

તેમના વિચાર આજે પણ જીવિત છે, જેનાં સાક્ષી અનસૂયામાં લખાયેલા તેમના બધા લેખ.

અનસૂયામાં આવતાં લેખ અસંગઠિત વર્ગની બહેનોની વાતો ને સરળ, સચોટ અને સ્પષ્ટ ભાષાથી બીજા સુધી લઈ જાય તેજ તેમનાં માટે ખરી શ્રદ્ધાંજલી. ❑

# લીનાબેનને મારા પ્રણામ

આજે મને ૯ વર્ષ પુરા થયા અનસૂયામાં સાથે કામ કરે. ને અગાઉના ૬ઠ્ઠી ડિસેમ્બરના અંકની મેટર માટે મળ્યા ત્યારે મે વાત કરી હતી કે હું ૧૦ દિવસ માટે બહારગામ જાવાની છું તો કહે કે સારું જાઓ કામ હોય તો જાઉં પડે. ને હું તો રજા પર ગઇ હતી ને બીજે દિવસે સવારે શાન્તાબેનનો ફોન આવ્યો કહે કે લીનાબેનનું અવસાન થયું છે આવા માઠા સમાચાર સાંભળ્યા ને મનમાં ઘણુ દુઃખ લાગ્યુ. એક ઘડી તો એજ યાદ આવ્યુ કે ઓફિસમાં સાથે બેસીને કામ કરતા ને એકદમ આમ ચાલ્યા ગયા તે અઘરું લાગે છે. ને જ્યારે મને શ્રદ્ધાંજલી લખવા માટે કહયું તો મને એમના એ જ શબ્દો યાદ આવ્યા કે આપણે ક્યાં સુધી અનસૂયામાં બધાની શ્રદ્ધાંજલી લખ્યા કરવાની ? આપણે તો આપણી શ્રદ્ધાંજલી લખીને જ જવાનું એટલે કોઇને તકલીફ જ ના પડે. પણ આજે મારે તમારા વિશે લખવું પડે છે ત્યારે મારા હાથે પેન નથી ચાલતી. શું લખુ એ સમજાતુ નથી. એ બધુ મને યાદ આવે છે કે જ્યારે અનસૂયામાં એડમીનના કામની સાથે-સાથે અનસૂયામાં લેખ લખતી કરી તે.

મને તો એ બરાબર યાદ છે ૨૦૦૮માં જ્યારે મારા ઘરે હું સાક્ષરતાના વર્ગ ચલાવતી હતી ને એ દરમ્યાન મને મીનાબહેને લેખન તાલીમમાં બોલાવી હતી. ને હું પહેલી વાર અનસૂયા લેખન તાલીમમાં આવી. એ લેખન તાલીમ આપનાર લીનાબહેન હતા.બે દિવસની તાલીમ પુરી થઈને મને મીનાબહેને કહયું કે તમારે સેવામાં કામ કરવું છે ? મે કહયું હા મારે કામ કરવું છે ને મને નમ્રતાબહેનને મળાવ્યા ને આમ મને અનસૂયામાં કામ કરવાનો મોકો મળ્યો.

એ વખતે સવિતાબહેન અનસૂયામાં હતાં તેમને અનસૂયા છોડયુને એમની જગ્યા પર હું આવી. એડમીનના કામમાં જો કાઇ ખબર ના પડે તો હું એમને ફોનથી પૂછતી ને તરત જ કહેતા કે આમ કરો ને એવી રીતે કરી લેતી. જ્યારે ત્યારે એક જ વાત કરતા કે તમારે તો લખતા શીખવાનું છે માત્ર એડમીનનું કામ નથી કરવાનું. ને હું થોડું ઘણું લખતી થઈ. જો કે મારું લખાણ એવું સારુ પણ નહી કે, એ લખાણ અનસૂયામાં આવે. હા એ રફ લખાણને પણએ સારી રીતે મઠારતા ને એ લેખ અનસૂયામાં આપતા.

જ્યારે હું હાથે લખીને લેખ આપતી તો કહેતા કે હવે તમે કોમ્પ્યુટરમાં ટાઈપ કરીને આપો. તો મેં કહયું કે મને તો કોમ્પ્યુટર નથી આવડતુ તો કહે કે તમે શીખો. ત્યારે મને અકાદમીમાં અશ્વિનભાઈ પાસેથી ગુજરાતી મૂળાક્ષરોની પ્રિન્ટ લઇ આપી ને કહયું કે, હવે તમે ગુજરાતી ટાઈપીગ કરો. અનસૂયામાં કામ કરવા માટે તમારે કોમ્પ્યુટર તો શીખવાનું જ છે. અનસૂયાના

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
22-12-2017

એડ્રેસો ટાઇપ કરવાનું ને તમે જે લખો તે પણ તમારે કોમ્પ્યુટરમાં લખીને આપવાનું. આમ મને કોમ્પ્યુટર શીખવાડવાવાળા પણ એ જ હતા. અનસૂયાના ઘણા કામમાં મને મદદ કરતા એમને કેમ ભુલાય ?

ભગવાન તેમના આત્માને શાંતિ આપે બસ એજ મારી પ્રભુને પ્રાર્થના.

**- ગોમતી**

ચિ.બહેન લીના, મેં તારા સુખ દુ:ખના દિવસો જોયા. કલાના વિવિધ ક્ષેત્રોમાં વિહરતા મેં તને જોઇ. નાનેથી મોટી થતા જોઇ. 'સેવા'ના કોઇ પણ પ્રસંગોનું રીપોર્ટીંગ કરવાનું હોય તો લીનાને જ કહેજો એવો આગ્રહ હું રાખતી કેમ કે તું દિલ-દિમાગથી કામ કરતી હતી. ગરીબ, શ્રમિક, પીડિત વર્ગની સેવા તેમજ આગેવાની તારે નખશિખ પ્રગટતી હતી. 'અનસૂયા'ને તારી ખોટ લાગશે. પણ, મને તુ તારી આંખોથી મધુર સ્મિત કરતી તે જ વધુ યાદ આવી જાય છે. પ્રભુ તારા આત્માને શાંતિ આપે !

**- તારી ઈલાબેન**

❑

## અનસૂયા

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-12-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001